# સાબરમતી પોલીસ સ્ટેશન

# અમદાવાદ શહેર

ફોન નંબર-૦૭૯૨૭૫૦૬૮૧૯

## <u>પ્રેસનોટ</u>

### <u>સાબરમતી વિસ્તારમાંથી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડતા કુલ ૦૬ (છ) સ્ત્રી-પુરૂષોને કુલ્લે રૂપિયા ૩૧,૫૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેતી સાબરમતી પોલીસ</u>

મેં પોલીસ કમિશ્નરશ્રી સાહેબ અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેર નાઓ તરફથી પ્રોહી/જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળા તથા સર્વેલન્સ પો.સ.ઇ.શ્રી ડી.જી.બડવા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ પો.કો. ઉગાભાઇ રવજીભાઇ બ.નં-૧૧૮૪૬ તથા લોકરક્ષક અજ્યકુમાર નરસિંહભાઇ બ.નં-૧૪૦૨ નાઓને ખાનગીરાહે બાતમી હકીકત મળેલ કે સાબરમતી પાવર હાઉસ તલાજી ભુતાજીની ચાલીના નાકા આગળ ખુલ્લી જગ્યામાં કેટલીક મહીલા તથા પુરૂષો ગોળ કુંડાળુવળી પૈસા પાનાથી હારજીતનો તીન પત્તીનો જુગાર રમી રમાડે છે અને હાલમાં તેઓની પ્રવૃતી ચાલુ છે. જે હકીકત આધારે સ્ટાફના માણસો સાથે પંચો સાથે રાખી હકીકતવાળી જગ્યા જઇ રેડ કરતા કુલ ૦૬ (છ) સ્ત્રી-પુરૂષોને ઝડપી લીધેલ અને તેઓ પાસેથી જુગારના અંગજડતીના નાણા રૂપિયા ૨૬,૮૦૦/- તથા દાવના નાણા રૂપિયા ૪,૭૦૦/- તેમજ ગંજીપાના ૫૨ કિંમત્ત રૂપિયા ૦૦/૦૦ મળી કુલ્લે રૂપિયા ૩૧,૫૦૦/- નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલ તમામ આરોપીઓ વિરૂધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજી નં-૩૦૯૪/૨૦૧૯ જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી જુગારનો ગાણનાપાત્ર કેસ શોધી કાઢવામાં આવેલ છે અને આગળની તપાસ ઇન્વે. આસી.પો.સબ.ઇન્સ.શ્રી મહોબતસિંહ પૃથ્વીસિંહ બ.નં-૭૫૯૪, નાઓએ સંભાળે છે તા-૧૩/૦૮/૨૦૧૯

# પ્રેસનોટ

## સાબરમતી વિસ્તારમાંથી મો.સા.ચોરને ઝડપી લેતી સાબરમતી પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી તથા સ્પે.પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧ નાઓએ આપેલ સુચના આધારે તેમજ ના.પો.કમિ શ્રી ઝોન-૨ તથા એ.સી.પી શ્રી એલ ડીવીઝનનાઓની રાહબરી હેઠળ તથા સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એચ.વાળાનાઓના માર્ગદર્શન અનુસાર સાબરમતી પો.સ્ટેના સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. ડી.જી.બડવા તથા સાથેના સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાનમાં પો.કોન્સ. હિતેષભાઇ નાગજીભાઇ બ.નં.૧૩૨૧૪ તથા લોકરક્ષક ધર્મેન્દ્રસિંહ પ્રવિણસિંહ બ.ન.૧૦૭૦ તથા લોકરક્ષક અજયકુમાર નરસિંહભાઇ બ.ન.૧૪૦૨ નાઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ કે એક ઇસમ પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ મો.સા. જે લઇને સાબરમતી જનપથ તોલનાકા તરફથી આવીને પાવર હાઉસ તરફ જવાનો છે વિગેરે બાતમી હકીકત આધારે સદરી જગ્યાએ પંચો સાથે જઇ તપાસ કરતાં હકીકત વાળો ઇસમ મો.સા.નં. GJ-01-LX-4639ની સાથે મળી આવેલ જેના તેની પાસેથી કોઇ આધાર પુરાવા ના હોઇ સદર મો.સા. સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપી મંથન સ/ઓ અંકિતભાઇ છગનભાઇ રાવળ ઉ.વ.૧૯(૦૯/૧૨/૧૯૯૮) રહે,મ.ન.૧૭૨૫ સધિમાતાનો વાસ ગામ ડભોડા તા.જી.ગાંધીનગરનાને તા.૧૨/૦૮/૨૦૧૯ના કલાક ૨૧/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરવામાં આવેલ અને કબજે લિધેલ મો.સા. બાબતે તપાસ કરતાં સાબરમતી પો.સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૧૨૫/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોઇ સદર મો.સા. તેમજ આરોપી અટક કરી પ્રસંનીય કામગીરી કરેલ છે.